# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં મુંબઈમાં યોજાનારા ઈન્ડિયા મેરીટાઇમ વીક કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જોડાશે.**
2. **રાજકક્ષાના મંત્રી તરીકેનો પદભાર સંભળતા પ્રવિણ માળીએ કહ્યું કે , શુન્ય કાર્બન ઉત્સર્જન માટેના પ્રયાસો હાથ ધરાશે.**
3. **રાજ્યમાં અકસ્માતના બે બનાવોમાં છ લોકોના મોત.**
4. **છેલ્લા 24 કલાકમાં રાજ્યના 152 તાલુકાઓમાં વરસાદ, આજે ભારે વરસાદની આગાહી.**
5. **એકતા નગર ખાતે સરદાર પટેલની 150 મી જન્મ જયંતિની ઉજવણીની તડામાર તૈયારીઓ**
6. **રાજ્યના ચાર એથ્લેટ્સે ઝારખંડના રાચીમાં યોજાયેલી દક્ષિણ એશિયા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025માં એક સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યાં**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMIT-SHAH-INDIA-MARITIME-WEEK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મુંબઈમાં ઈન્ડિયા મેરીટાઇમ વીક -2025નું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મહારાષ્ટ્ર , ગોવા અને ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માંઝી પણ જોડાશે.

ભારતીય બંદર સંગઠનની ભાગીદારીમાં બંદરો , શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા આયોજિત પાંચ દિવસના આ કાર્યક્રમમાં ટકાઉ દરિયાઈ વૃદ્ધિ અને વેપાર વિસ્તરણ માટેના ભારતના વિઝનને પ્રદર્શિત કરાશે.

આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના દરિયાઈ ઉદ્યોગના નેતાઓ , નીતિ નિર્માતાઓ, રોકાણકારો, નવીનતાઓ અને હિસ્સેદારોની ભાગીદારી જોવા મળશે.

---

# MINISTERES PADGRAHAN

રવિવારના રોજ લાભ પાંચમના દિવસે સરકારના ત્રણ રાજ્યકક્ષાના મંત્રી મનીષા વકીલ, દર્શના વાઘેલા અને પ્રવીણ માળીએ મંત્રીપદનો પદભાર સંભાળ્યો હતો.

જો કે, રવિવારની જાહેર રજા હોવા છતાં આ ત્રણ મંત્રીએ પોતાનો પદભાર સંભાળ્યો હોવાથી ગાંધીનગર સચિવાલયના સ્વર્ણિમ સંકુલ- 2 આગેવાનો, નેતાઓ અને શુભેચ્છકોની ભીડથી ઉભરાઇ ગયું હતું.

નવનિયુક્ત રાજ્યકક્ષાના મંત્રી મનિષા વકીલે મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક અને ન્યાય અધિકારીતાનો સ્વતંત્ર હવાલાનો પદભાર સંભાળ્યો

હતો.જ્યારે દર્શના વાઘેલાએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકેનું પદગ્રહણ કર્યું હતું.

જ્યારે  પ્રવીણ માળીએ ગાંધીજી અને સરદાર પટેલને પુષ્પાંજલિ આપી પદભાર સંભાળ્યો  હતો..પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, લોકોની સુખાકારી માટેના કાર્ય કરવા હું કટિબદ્ધ છું , તેમજ કાર્બન ન્યુટ્રલ તેમજ વડાપ્રધાનના નેટ ઝીરોનો સંકલ્પ સાકાર કરવા માટે પ્રયત્ન કરતા રહીશું.

## બાઈટ - પ્રવીણ માળી

---

## RAJKOT-DELHI FLIGHT

ગઇકાલથી લાભપાંચમના પર્વથી રાજકોટ અને દિલ્હી વચ્ચે એક સાથે બે નવી ફ્લાઇટ શરૂ થઈ છે . તેની પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દિલ્હીથી રાજકોટ આવી પહોંચ્યા હતા. શ્રી માંડવિયાએ જણાવ્યું, રાજકોટ દિલ્હી વચ્ચે આ બંને ફ્લાઇટ શરૂ થતાં સૌરાષ્ટ્રના વેપાર અને પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે.

## બાઇટ - મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી

તેમણે ઉમેર્યું , રાજકોટ સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં હોવાથી સોમનાથ , દ્વારકા સહિતના ધાર્મિક સ્થળો તેમજ પોરબંદર આવતા ઉત્તર ભારતના યાત્રિકોની સુખાકારીમાં વધારો થતા પ્રવાસન ક્ષેત્રે પણ મોટો લાભ થશે.

એર ઇન્ડિયાની ફ્લાઈટ અઠવાડિયામાં બુધવાર સિવાય તમામ દિવસ એટલે કે અઠવાડિયામાં છ દિવસ સવારે ઉડાન ભરશે જ્યારે ઈન્ડિગોની ફ્લાઇટ દરરોજ ઉડાન ભરશે.

---

## ACCIDENT

રાજ્યમાં બે અલગ અલગ  અકસ્માતના બનાવોમાં  છ લોકોના મોત થયા છે.

અમદાવાદ ભાવનગર એક્સપ્રેસ હાઇવે પર ગમખ્વાર અકસ્માત  સર્જાતા બે મહિલા અને એક પુરુષ સહિત ત્રણ લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા છે. કાર ચાલક ભાવનગર જઈ રહ્યા હતા અને હાઇવે બંધ હોવાથી બાજુમાં સિમેન્ટના બ્લોકની આડસ મુકેલ હતી જેની સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો હતો.

અન્ય એક બનાવમાં  સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે નર્મદા ઘાટ ખાતે ભેખડ ધસી જતા ત્રણ શ્રમિકોના મોત નિપજ્યા છે. નર્મદા ઘાટ નજીક ઘાટના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. જેમાં ભેખડની બાજુમાં પ્રોટેક્શન વોલ બનાવવાની  કામગીરી ચાલતી હતી. તે દરમિયાન અચાનક ભેખડ ધસી પડતા આ ઘટના બની હતી.

---

## RAIN DISTRIC

રાજયના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી મુજબ વરસાદ પડી રહ્યો છે. આજે સવારે છ વાગે પૂરા થતાં  છેલ્લા 24 કલાકમાં 152 તાલુકામાં વરસાદ પડ્યો છે.

સૌથી વધુ ભાવનગર જિલ્લાના મહુવામાં 8 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સોનગઢ  , ઉમરપાડા, સિંહોર, ઉના, જાફરાબાદ, સુત્રાપાડા અને દેડિયાપાડા સહિત અનેક વિસ્તારોમાં 3

ઈંચથી લઈ ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે સૌથી ઓછો જૂનાગઢ શહેર , વથંલી, રાજકોટ, મોડાસા, બેચરાજી સહીત અનેક પથંકોમાં અડધા ઈંચથી પણ ઓછો વરસાદ નોંધાયો છે.

આ સાથે જ અમદાવાદ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાતથી સવાર સુધી વરસાદ પડ્યો..

ભાવનગર શહેર તેમજ જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે વાતાવરણમાં પલટો મહુવામાં દોઢ ઇંચ કમોસમી વરસાદ પડ્યો અને જેસરમાં છૂટાછવાયા ઝાપટા પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ સાથે જ ઘોઘા , અલંગ, મહુવા બંદર પર 3 નંબરનું સિગ્નલ લગાવાયું છે.

ડાંગ જિલ્લાના આહવા વઘઈ અને સુબીર તાલુકામાં વરસાદ વરસ્યો. છેલ્લા ત્રણ દિવસથી વરસાદ વરસવાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર પર 3 નંબરનું ભયજનક સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે યલો એલર્ટ પણ જાહેર કરાયું છે.

આગાહીને પગલે અમરેલી જિલ્લાના રાજુલા , જાફરાબાદ અને પીપાવાવ પોર્ટ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોને એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. રાજુલાના ધાતરવડી ડેમ- 2નો એક દરવાજો ખોલવામાં આવ્યો છે જેના કારણે નીચાણવાળા 10 ગામોને એલર્ટ કરાયા છે.

---

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક જીલ્લાઓમાં યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

## બાઇટ : પ્રદીપ શર્મા - વૈજ્ઞાનિક હવામાન વિભાગ

બીજીતરફ ગત મોડી રાતથી સવાર સુધી અમદાવાદ સહિત રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

---

## SOU IN DGP METTING

એકતા નગર ખાતે આગામી ૩૦ અને ૩૧ ઓક્ટોબરના દિવસે સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે સુરક્ષા વ્યવસ્થાની કામગીરી અને વિવિધ સમિતીઓ દ્વારા કરવામાં આવી રહેલી પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા dgp વિકાસ સહાયની અધ્યક્ષતામાં VVIP સર્કિટ હાઉસ એકતાનગર ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વિકાસ સહાયે સુરક્ષા વ્યવસ્થા અને સાફ-સફાઈની કાળજી રાખવા પર ખાસ ભાર મૂક્યો હતો. સાથે એકતા પરેડમાં પ્રદર્શિત થનાર ટેબ્લોની કામગીરી સત્વરે પૂર્ણ કરવા તથા આ કામગીરીનું સતત ઓબ્ઝર્વેશન થાય તે માટે જવાબદાર અધિકારીઓની નિમણૂંક કરવી જેવી બાબતો પર ચર્ચા કરી હતી.

---

## SOUTH-ASIAN-ATHLETICS-CHAMPIONSHIPS- GUJARAT MEDAL

રાજ્યના ચાર એથ્લેટ્સે ઝારખંડના રાચીમાં યોજાયેલી દક્ષિણ એશિયા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025માં એક સુવર્ણ સહિત પાંચ ચંદ્રક જીત્યાં છે. 400 મીટર વિઘ્ન દોડમાં રુચિત મોરીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

આ ઉપરાંત સાક્ષી ચવાને બે રજત , કાલજ વાજાએ રજત અને કાજલ કાનવડેએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધામાં ભારતે 20 સુવર્ણ સહિત કુલ 58 ચંદ્રક જીતીને ટોચનું સ્થાન મેળવ્યું છે

---

## RAJKOT PANGOLIN

રાજકોટમાં દુર્લભ પ્રાણી પેંગોલીન એટલે કે કીડીખાઉનું 22 કરોડ રૂપિયામાં ગેરકાયદેસર વેચાણ કરતા શખ્સ ઝડપાયા છે. તેઓ ગીરના જંગલમાંથી આ પ્રાણીની તસ્કરી કરી મોટા શહેરોમાં વેચાણ કરતાં હતા.

અનુસૂચિ-એકમાં આવતું આ પ્રાણી દુર્લભ હોવાથી તેનો લાખો રૂપિયામાં વેચાણ કરે તે પહેલા આ શખ્સો પકડાઈ ગયા છે. રાજકોટ SOGએ આ શખ્સોને ઝડપી વન વિભાગને સોંપ્યા છે તેમ SOGના ACP ભરત બસિયાએ જણાવ્યું હતું.

**(બાઇટ : ભરત બસિયા – ACP)**

---